# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 02-03-2025 Day: Sunday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **વિરલ રાણા** વાંચે છે.

---

## રાષ્ટ્રપતિ ધોળાવીરા મુલાકાત:

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ગુજરાત પ્રવાસના અંતિમ દિવસે ગઇકાલે કચ્છના ખડીર બેટ સ્થિત ધોળાવીરાની મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન શ્રીમતી મુર્મુએ હડપ્પન સંસ્કૃતિ, રહેણીકરણી, મહાનગરમાં જળસંગ્રહ તથા નિકાલની અદભૂત વ્યવસ્થા તેમજ વિશાળ દીવાલો વિશે વિગતવાર માહિતી મેળવી હતી ચાર દિવસના પ્રવાસ દરમિયાન શ્રીમતી મૂર્મુએ પ્રથમ દિવસે એકતાનગરમાં સ્ટેચ્યૂ ઑફ યુનિટીની મુલાકાત લીધી હતી. બીજા દિવસે આરોગ્યવન, મિયાવાકી ફૉરેસ્ટ, જંગલ સફારી અને એકતા કૌશલ્ય વિકાસ કેન્દ્રની મુલાકાત લીધી હતી. અને અમદાવાદમાં રાષ્ટ્રીય ડિઝાઈન સંસ્થા- N.I.D.ના 44મા પદવીદાન સમારોહમાં તેમજ ત્રીજા દિવસે ગાંધીનગરમાંનેશનલ ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટી- NFSUના ત્રીજા પદવીદાન સમારોહમાં ઉપસ્થિત રહ્યા હતા. એ જ દિવસે ભુજના સ્મૃતિવન ભૂકંપ સ્મારક અને સંગ્રહાલયની મુલાકાત લીધી. સાથે જ ધોરડો ખાતે વણાટ કળા, રોગન કળા અને ભરત કામના કારીગરો સાથે મુલાકાત કરી સંવાદ કર્યો હતો. કચ્છ મુલાકાતના અંતિમ દિવસે જિલ્લા વહીવટીતંત્રની ટીમે કચ્છી કલાઓથી સજ્જ સ્મૃતિચિહ્ન રાષ્ટ્રપતિશ્રીને અર્પણ કર્યું હતું. ભુજ એરફોર્સ સ્ટેશન ખાતે ગઇકાલે રાષ્ટ્રપતિશ્રીને ભાવભીની વિદાય અપાઈ હતી.

---------------------------------------------------------------------------------

## પ્રધાનમંત્રી-કૃષિ ગ્રામિણ વેબિનાર:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે સરકાર કૃષિ ક્ષેત્રના વિકાસ અને ગ્રામીણ સમૃદ્ધિના બેવડા લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે આગળ વધી રહી છે. ગઇકાલે કૃષિ અને ગ્રામીણ સમૃદ્ધિ પર

બજેટ પછીના વેબિનારને વર્ચ્યુઅલી સંબોધતા શ્રી મોદીએ કહ્યું કે વિકસિત ભારતના લક્ષ્ય તરફ આગળ વધવાનો સરકારનો સંકલ્પ ખૂબ જ સ્પષ્ટ છે.

તેમણે કહ્યું કે પીએમ કિસાન સન્માન નિધિ યોજના હેઠળ, ખેડૂતોને અત્યાર સુધીમાં લગભગ 3 લાખ 75 હજાર કરોડ રૂપિયાની સહાય આપવામાં આવી છે. આ યોજના હેઠળ વાર્ષિક 6,000 રૂપિયાની નાણાકીય સહાયથી ગ્રામીણ અર્થતંત્ર મજબૂત થઈ રહ્યું છે.

પ્રધાનમંત્રીએ કહ્યું કે સરકારે કેન્દ્રીય બજેટમાં 'પીએમ ધન ધાન્ય કૃષિ યોજના'ની જાહેરાત કરી છે, જે સૌથી ઓછી કૃષિ ઉત્પાદકતા ધરાવતા 100 જિલ્લાઓના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરશે. તેમણે કહ્યું કે આજે કૃષિ ઉત્પાદન રેકોર્ડ સ્તરે છે.

---

## પ્રધાનમંત્રી-ગુજરાત મુલાકાત:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ગઇકાલે સાંજે ગુજરાતની ત્રણ દિવસીય મુલાકાતે આવી પહોંચ્યાં હતા. જામનગર એરફોર્સ સ્ટેશન પર તેમનું આગમન થતાં સાંસદ પૂનમબેન માડમ, મંત્રી મૂળુભાઈ બેરા, રાઘવજી પટેલ સ્થાનિક ધારાસભ્યો, મેયર તેમજ ભાજપનાં હોદેદારોને તેમણે આવકાર્યા હતાં. આજે વહેલી સવારે પ્રધાનમંત્રી વનતારા પહોંચ્યા છે. જે બાદ તેઓ સોમનાથ મહાદેવના દર્શન કરવા જશે.

---

## કેન્દ્રીય રેલ્વે મંત્રી-અશ્વિની વૈષ્વ-અમદાવાદ:

કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે ગઇકાલે અમદાવાદ રેલ્વે સ્ટેશનની મુલાકાત લીધી અને ચાલી રહેલા પુનર્વિકાસ કાર્યનું નિરીક્ષણ કર્યું.

પત્રકારો સાથેની વાતચીતમાં શ્રી વૈષ્ણવે જણાવ્યું કે જાહેર સૂચનોના આધારે, સ્ટેશનની ડિઝાઇનમાં ફેરફાર કરવામાં આવ્યો છે. પ્રવેશદ્વારમાં ગુજરાતના સાંસ્કૃતિક પ્રતીક 'તોરણ' જેવી મુખ્ય વિશેષતાઓ સામેલ કરાશે. ગુજરાતના વિકાસ પ્રત્યે કેન્દ્ર સરકારની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કરતા તેમણે કહ્યું કે ગુજરાતને રેલ્વે વિકાસ માટે ૧૭,૧૫૫ કરોડ રૂપિયાનું રેકોર્ડ

બજેટ ફાળવવામાં આવ્યું છે.કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે ખેડા જિલ્લાના ઉત્તરસંડા પાસે નવ નિર્મિત બુલેટ ટ્રેન પ્રોજેક્ટની મુલાકાત લીધી હતી.

---------------------------------------------------------------------------------------

## GPSC-પરીક્ષા સમયપત્રક:

ગુજરાત જાહેર સેવા આયોગ-GPSC દ્વારા આગામી પરીક્ષાઓનુ સમય પત્રક નક્કી કરાયું છે. ગુજરાત મુલ્કી સેવા વર્ગ-૧ તથા ગુજરાત વહીવટી સેવા વર્ગ-૧/૨ ની પ્રિલીમ પરીક્ષાઓ આગામી 20 એપ્રિલ અને મુખ્ય પરીક્ષા 20 થી 29 એપ્રિલ દરમિયાન લેવાશે. GPSC દ્વારા પરીક્ષાઓ બાદ પરિણામનો સમય પણ નક્કી કરવામાં આવ્યો છે. મદદનીશ વન સંરક્ષક તથા પરિક્ષેત્ર વન અધિકારી વર્ગ-૨ની પ્રિલીમ પરીક્ષા આગામી 6 જૂન અને મુખ્ય પરીક્ષા આગામી 10 ડિસેમ્બરથી 17 ડિસેમ્બર દરમિયાન લેવાશે. આ ઉપરાંત હિસાબી અધિકારી વર્ગ-૧/૨ ની પ્રિલીમ પરીક્ષા પણ આગામી 6 જૂન અને મુખ્ય પરીક્ષા 10 ડિસેમ્બરથી 17 ડિસેમ્બર દરમિયાન લેવાશે.

---------------------------------------------------------------------------------------

## ક્રિકેટ:

ચેમ્પિયન ટ્રોફીની દુબઈમાં રમાનારી આજની અંતિમ લીગ મેચમાં ભારત ન્યુઝીલેન્ડ સામે રમશે. આ બંન્ને ટીમો અગાઉ જ સેમિ ફાઈનલમાં પહોંચી ચુકી છે. આ મેચ ભારતીય સમય અનુસાર બપોરે 2-30 વાગ્યથી શરૂ થશે.

---------------------------------------------------------------------------------------

## રમજાન માસનો પ્રારંભ:

રમજાનનો ચાંદ દેખાવવાની સાથે ગઈકાલ સાંજથી મુસ્લિમ બિરાદરોના પવિત્ર રમજાન માસનો પ્રારંભ થયો હતો. આજે પ્રથમ રોજો રાખવામાં આવશે. આ સાથે સમગ્ર મહિના દરમિયાન તરાવીહ દાન-પૂણ્ય સહિતના કામો અને ઇબાદતો કરવામાં આવશે.

---------------------------------------------------------------------------------------